
श्री गणेशाय नमः

ડોયલા પદમણી નાટકનાં ગાયનો.



રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી [illegible] નૃસિંહ ગૌતમ નાટક સમાજ

[illegible] લેનાર

[illegible] મગનભાઈ ભાવનગરવાળા

શ્રી [illegible] ગૌતમ નાટક સમાજના માલીક

મુ. કરાચી.

[illegible] છાપ્યું,—કરાચી.

આવૃત્તિ બીજી — પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ — સને ૧૯૧૭

કીમત ૦—૨—૦

નામદાર મુંબઇ સરકારની

ગવર્નમેન્ટ લેબોરેટરીનાં [illegible] ડાકટરે અમારી બનાવેલી બાદશાહી [illegible] ગોળીઓ એનાલાઇઝ કરીને તેમાં કોઇ પણ જાતની નુકશાનકારક ચીજ નથી એવું સરટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી દવા અકસીર હોવાથીજ [illegible] પાસ થએલ માટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને ઇંગ્રેજ [illegible] અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે.

બાદશાહી ચાકુની.

અનંગ વિલાસ

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી ચાકુની વીર્યવિકારના તમામ બાધી મટાડે છે. અને [illegible] ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસોને પણ [illegible] માફક જોરાવર બનાવનાર. આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. [illegible] પરેજીની જરૂર [illegible] ૪૦ [illegible] ડબી [illegible].

બાદશાહી [illegible]

[illegible] દવાઓમાંથી [illegible] લેપ બનાવેલ છે; અને તે નસોને પુરતી તાકાત આપે છે. [illegible] માટે આ લેપ ફતેહમંદ [illegible] છે. [illegible] એકના ડબી ॥ રૂપીયા આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

શ્રી ... ...
હરિ ૐ પરબ્રહ્મ પરમાત્મને નમઃ
શ્રી સતી ભક્ત

હોથલ પદમણી નાટકનો ટુંકસાર.

પ્રારંભમાં મંગળાચરણ

પ્રવેશ ૧લો—ઇંદ્ર લોકમાં (સ્વપનાં દેવાંગના) હોથલ–પદમણીનાં ગાન કથન, ઇંદ્રરાજનાં આશીષ વચન, મનુષ્ય લોકમાં વાસ કરી મોક્ષાધિકારી થવા માટે સતી ભક્ત હોથલ દેવીને ઇંદ્ર લોકથી વિદાયગીરી, દેવાંગનાઓની પ્રેમ ભક્તિ.

પ્રવેશ ૨જો—સરસ્વતી કીનારે શીવાલયમાં સેવા કરતા સાંગણસિંહ તથા સત્યવતીને પુત્રી રત્ન હોથલ દેવીની પ્રાપ્તિ, આકાશ વાટેથી દેવી હોથલનું મનુષ્ય લોકમાં આગમન, હાકમસિંહની કુંગીયાસી, દેવી હોથલનો ચમત્કાર.

પ્રવેશ ૩જો—કચ્છમાં કેરાકોટની કામાંધ પટરાણી હીરાની ઓઢા તરફે પ્રેમ માગણી, નીતી બહાદુર ઓઢા તરફથી તીરસ્કાર ઓઢાજીનાં લગ્નની તૈયારી.

પ્રવેશ ૪થો—કંથકોટમાં ઇન્દ્રકુંવરની સગી ટપીનો પ્રપંચ, લગ્નની ખુશાલી.

પ્રવેશ ૫મો—કંથકોટમાં ઓઢાજી સાથે ઇન્દ્રકુંવરનાં લગ્ન, ટાબકા સાથે ટપીનાં લગ્ન, આનંદ મંગલ.

પ્રવેશ ૬ઠો—જંગલમાં શીકારે નીકળેલ હાકમસિંહને જેની હોથલ તરફથી મળતો જીવ-દયાનો ઉપદેશ, હોથલનું નગ્ન તરફ જવું બાદ બાંભણીયા બાદશાહના ક્રુર સરદાર કાળુખાનના પંજામાંથી હીરા કુંવરનો છુટકારો, હાકમસિંહની બહાદુરી, હાકમ હીરાનું પ્રેમબંધન.

પ્રવેશ ૭મો—કેરાકોટમાં હાંસી રાણીના રાજ મહેલમાં વરઘોડીયાનું પગે લાગવા આવવું, પ્રપંચી દાસી ટબીના પ્રપંચથી ભોળવાઇ ઇચ્છાકુંવરનું ઓઢાને રૂપ બદલાવવાના વ્હેમમાં નાખી ચાલ્યા જવું, કામાંધ રાણી હાંસીની બીજીવાર પ્રેમ માગણી, નીતી બહાદુર ઓઢાજી તરફથી ફરી મળતો તીરસ્કાર, કામાંધ રાણીના કારસ્તાં, જામહોથીજીનું ભોળપણું, ઓઢાને મળતો ૧૨ વર્ષનો દેશવટો.

પ્રવેશ ૮મો—જામ હોથીજીના હજુરી ટાયકા તથા ભોજા ભાટની કાબરાના કબાલા વિષે થતી તકરાર.

પ્રવેશ ૯મો—ઓઢાજીના મહેલમાં ઇચ્છાકુંવરના વેશમાં પ્રપંચી ટબીના પાપનો પ્રકાશ, ટાયકા ટબીની તકરાર, ઓઢાની ઉદારતા, અને નાતનું નાતમાં.

પ્રવેશ ૧૦મો—રાજ બાગમાં પ્રપંચી ટબીના કહેવાથી વ્રત ધારી રહેલ ઇચ્છાકુંવરને ઓઢાજીનો મેળાપ, ત્યાં હારી રાણીની દાસી મારફત પુનઃ પ્રેમ માગણી ઓઢાજી તરફથી અનાદર, ઇચ્છા

સાથે ઓઢાજીનું કેદ પાર થવું, હાલ ગર્ભની પ્રેમ લાગણી.

પ્રવેશ ૧૧મો—જંગલમાં હીરાકુંવરની શોધમાં નીકળેલ પાટણપતિ વિશળદેવ વાઘેલાને હીરા તથા હાકમનો મેળાપ, ત્યાં છુપાએલ ક્રુર કલ્લુખાનની દગા ભરી લડાઇ અચાનક ઓઢાજીની બહાદુરી, મામા ભાણેજનો મેલાપ.

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ ૧લો—ટાચકાને ઘેર પ્રપંચી ટપ્પીના કાલાવાલા, શહેરચર્યા જોવા નીકળેલ હાથીજીનું ટપ્પીના રૂપમાં લોભાવું, રાજ મહેલમાં રહેવાનો હુકમ, ટાચકાને સેનાપતિની જગ્યા, ભોજા ભાટના કાબરાનો પ્રથમ કબાલો.

પ્રવેશ ૨જો—પાટણમાં હાકમ હીરાના લગ્ન પ્રસંગે ભરાએલી રાજ સભા દેવી હોથલ સાથે હાકમ તથા હીરાની સાંગલપુર જવા તૈયારી ઓઢાજી તથા દેવી હોથલની પ્રેમ દ્રષ્ટિ કચ્છમાંથી દાસી રાણીનો પ્રપંચી પત્ર આવવાથી ઓઢાજી તથા બચ્ચાનો વાસના રાણી તરફથી અનાદર, વીસળ દેવની ઉદારતા, વાસના રાણીનું રીસ કરી કચ્છમાં બ્હેન હાસી રાણી પાસે ચાલ્યાં જવું, બાંભણીયા બાદશાહ સાથે લડાઇની ખબર સાંભળી લડાઇની તૈયારી.

પ્રવેશ ૩જો—આમલપુર દરબારમાં દેવી હોથલના હાથે-હાકમસિંહને થતો રાજ્યાભિષેક, દેવલોક પામેલા પિતા સાગલસિંહ પાસે કરેલી પ્રતિજ્ઞા પાળવા હોથલ દેવીનું બાબરીઆ શાહ સાથે યુદ્ધ કરવા જવું, તાજપોશીની ખુશાલીમાં નાચરંગ.

પ્રવેશ ૪થો—જંગલમાં ઇચ્છાકુંવરને ગુપ્ત રાખી ઓઢાજીનું મામા વિશળદેવની મદદે જવું, અચાનક એકલમલ (દેવી હોથલ) નો મેળાપ પરસ્પર થતી મિત્રતા એકલમલના રૂપની શંકા, પ્રેમોદ્ધાર એકલમલ (હોથલ) નો ચમત્કાર.

પ્રવેશ ૫મો—ઓઢાજી તથા એકલમલની બહાદુરી, ક્રુર કાલુ ખાનનું મૃત્યુ, લડાઇ સમાધાન મહમદખાનની મશ્કરી ઓઢાજીની ઉદારતા, દેવી હોથલનું જુદા પડવું, ઓઢાની શંકાનું સમાધાન પદમણીના પગલાની નીશાની જોઇ ઓઢાજીનું દેવી હોથલની શોધમાં જવું.

પ્રવેશ ૬ઠો—ઓઢાના વિયોગમાં અકળાતી ઇચ્છાને વીશળદેવનો મેળાપ પાટણ જવા આગ્રહ, સતિ ધર્મની દ્રઢતા, વીશળદેવનું વાસના રાણીને મનાવવા તથા દાસી રાણીના પ્રપંચની પરીક્ષા કરવા કચ્છમાં જવું, ઇચ્છાકુંવરનું ઓઢાજીની શોધમાં જવું.

પ્રવેશ ૭મો—ચકાસર તળાવમાં સ્નાન કરતી સુંદર હોથલ પદમણી ઓઢાજીને દર્શન, જંગલમાં મંગળ, પરસ્પર પ્રેમી લગ્ન પ્રેમની બલીહારી.

પ્રવેશ ૮મો—કેશકારમાં હાંસીના મહેલમાં મોટી બહેન વાસના રાણીનું મેમાન બની આવવું. પ્રેમાંધ હોથીજી તરફથી હાંસીરાણીનું મેમાન વાસના રાણીનું અપમાન ટપીરાણીનું માન.

પ્રવેશ ૯મો—ઓટીલો ડુંગર, હોથલ દેવીનો સુંદર આશ્રમ, બાળકુંવર જેસલ જખરાને ઝુલામાં ઝુલાવવાનો દમ્પતીને થતો આનંદ ઇંદ્રલોક જોવાની ઓઢાજીની ઇચ્છા હોથલ દેવીનો ચમત્કાર સ્થાનનું બદલાવું. ઓઢાજીની શોધમાં નીકળેલ ઇચ્છાકુંવરનું જેસલ જખરાને જોઇ પોતાના જાણી સાથે લઇ ચાલ્યા જવું, ઇંદ્રલોકમાં ઓઢાજી તથા હોથલદેવીના ધર્મનાં વખાણ, પુનઃસ્થળનું બદલાવું, બાળકુંવરોની શોધમાં બંનેનું જવું.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧લો—નગર હોથીજીના નીચ હજુરી ટાચકાની હલકાઇ.

પ્રવેશ ૨જો—જયપુરના કીલ્લા બહાર પ્રજાને પીડા કરતો ભયંકર વાઘ, દેવી હોથલના બહાદુર કુમાર જેસલ જખરાને હાથે પામવું મૃત્યુ કદરદાન જયરાજ રાજાની ઉદારતા, બહાદુરીનો બદલો; જેસલ સાથે ચંદ્રકુમારી, જખરા સાથે વૃંદાકુમારીના લગ્નની તૈયારી, જેસલ તથા જખરો કુમાર જયરાજ રાજાને ત્યાં રાખી સતી ઇચ્છાનું ઓઢાજીની શોધમાં જવું.

પ્રવેશ ૩જો—આબુજીની તલાટીમાં પતિ તથા પુત્રના વિયોગે રીબાતાં કલિયુગના અધર્મથી કચવાતાં સતી દેવી હોથલને શ્રી હરિનાં દર્શન, આકાશવાણીથી મળતી વચનસીદ્ધિ, ઓઢાજીને સતી પ્રતાપે હરિદર્શન અચાનક ઇચ્છાકુંવરનો મેળાપ સર્વેનું જયપુર જવું.

પ્રવેશ ૪થો—જેસલ, ચંદા તથા જખરો, વૃંદાના લગ્નનો આનંદ રીશામણાં, મનામણાં, પ્રેમી જોડાનો પ્રેમ વિનોદ, ઓઢા હોથલને બાળકોનો મેળાપ, ૧૨ વર્ષનો દેશવટો પુરો થતાં સકુટુંબ ઓઢાજીનું કચ્છ પ્રયાણ.

પ્રવેશ ૫મો—નીચ હજુરી ટાચકાની બીજી વાર ફજેતી, લોગા ભાટના કાબરા બેસનો બીજો કબાસો, ઓઢાજીના કુટુંબનો લોગા ભાટને ત્યાં ઉતારો, ઓઢાજીનું મોટાભાઇને મળવા જવું, દેવી હોથલને ગુપ્ત રહેવા ઓઢાજીનું વચન પ્રેમી જોડાનું પ્રેમ કથન.

પ્રવેશ ૬ઠો—હાંસીરાણીના સ્વપ્નાનો બકવાદ, પાપનો પ્રકાશ, જામ હોથીજી તથા વાસનાગણીની રીસ, નિર્દોષ ભાઇને પ્રપંચથી કલંકીત બનાવનાર હાંસીરાણીને જામ હોથીજી તરફથી મળતી કેદ છુપા વેશમાં રાજા વિશળદેવ વાસના રાણીની રીસનો ત્યાગ, રાજા રાણીનો અનુરાગ.


પ્રવેશ ૭ મો— નીચ ટપી તથા ઠાચકાનાં કાવતરાં, ચતુર પીથલ-દેવને હાથે થતો જામ હોથીજીનો બચાવ, પાપી જમાદાર તથા ટપીનું મૃત્યુ, ઠાચકાને વિચિત્ર શિક્ષા, પાપીઓને મળતાં પાપનાં ફળ, જામ હોથીનો પસ્તાવો, બહાદુર ઓઢાનું નીર્દોષપણું જા-હેરમાં, ઉદાર ઓઢાજી તરફથી હાંસી રાણીને કેદમાંથી છુટકારો, અપકારી પર ઉપકાર, કુમારોને પોતાનું નામ પુછતાં જામ હોથીજી તથા હાંસીનું અપમાન, ભલા ભાઇ ઉપર હાંસીરાણીનાં પ્રપંચથી બીજીવાર નવી શંકા, જામ હોથીજી ઓઢાજીનાં રાણી (હોથલ દેવી) નું નામ જાણવાનું કામ દીવાનને સોંપે છે.

પ્રવેશ ૮ મો—દીવાનને ઘેર દીવાનની સ્ત્રી યુક્તિથી ઓઢાજી મા-રફત હોથલદેવીનું નામ જાણી જાહેર કરે છે, ચમત્કારી દેવી હો-થલનાં દર્શન કરવાની ગોઠવણ.

પ્રવેશ ૯ મો— ઓઢાજીના મહેલમાં હોથલદેવીનાં દર્શન માટે સ-હુ આવે છે, ઓઢાજીએ દીવાનને ઘેર ભુલમાં વચન ભંગ કરી હોથલ દેવને જાહેર કર્યા તેથી હોથલ દેવીને થતી રીસ, પુત્રવધુ ચંદ્રા તથા વૃંદાની માગણીથી તમારા લગ્ન જેવી ધામધુમ રચાશે ત્યારે પોંખવા આવીશ અને માગશો તે આપીશ, એમ કહી હોથલ દેવીનું ચાલ્યા જવું, ઓઢાજીને થતો પશ્ચાતાપ, પ્રેમદાનો પત્ર, પુત્રવધુઓનાં ધીરજનાં વચન, ઓઢાને થતી ખુશાલી, લગ્ન જેવી ધામધુમની તઇયારી, પ્રેમીજોડાંના પ્રેમોદ્‌ગાર.

પ્રવેશ ૧૦ મો— કેરાકોટના રાજમહેલમાં એકત્ર [illegible] ખરો ફંદાના લગ્નની ખુશાલી, પુત્રવધુઓને પોંખવાનું વચન [illegible] જવા માટે દેવી હોથલનું આવવું, ગુપ્ત દર્શન, પ્રગટ દર્શન, જીંદગી પર્યંત સાથે રહેવાની પુત્રવધુઓની પ્રેમ માગણીનો સ્વીકાર, ઓઢાજી તથા સર્વને થતો આનંદ, દેવી હોથલનાં સર્વને આશીર્વચન, ભક્ત ઓઢાજીની માગણીઓ અને બીજાં સુકર્મનાં ઉત્તમ ફળ, સતી ભક્તિ વિજયા [illegible] સાથે પ્રયોગનું સમાપ્ત થવું.

शान्तिः शान्तिः शान्तिः



હોથલ પદમણી નાટકનાં મુખ્ય પાત્રો

પુરૂષ પાત્રો

ઇંદ્ર—દેવપાનીનો રાજા.

જામહોથીજી—પ્રસિદ્ધ કચ્છ દેશમાં કેરાકોટનો રાજા.

જામઓઢાજી—તેનો નાનો ભાઇ.

જેસલ }
જખરો } જામ ઓઢાજીના કુંવરો.

વીસળદેવ—સીદ્ધપુર પાટણનો રાજા જામઓઢજીનો મામો.

સાંગલસિંહ—પાટણથી વીશકોશપર આવેલા સાંગલપુરનો રાજા

હાકમસિંહ—સાંગલસિંહનો કુંવર સતી હોથલનો ભાઇ

અજમલ—કચ્છમાં કંથકોટનો રાજા ઓઢાજીનો સસરો.

ફત્તુખાન—અહુમદનગર (અમદાવાદ)ના બાદશાહનો
[સરદાર.

જયરાજ—જયપુરનો રાજા.

વિજયસિંહ—તેનો નાનો ભાઇ.

ચાચકો—જામહોથજીનો નીચ હજુરી.

ભોજો—જામહોથીજીનો નીમકહલાલ બારોટ.

કાલુખાં—જામહોથીજીનો નીચ જમાદાર.

સ્ત્રી પાત્રો

હોથલ પદમણી—જામઓઢાજીની ધર્મપત્ની દેવાંગના અવતાર.

રંભા }
ઉરવશી } ઇંદ્રની અપ્સરા.
મેનકા }

સત્યવતી— સાંગલસિંહની રાણી, સતી હોથલની માતા.

હાંસીરાણી—જામહોથીજીની રાણી.

ઇચ્છાકુંવર—જામઓઢાજીની ધર્મપત્ની રાજા અજમલની કુંવરી

હીરાકુંવર—હાકમસિંહની ધર્મપત્ની વીશળદેવની કુંવરી.

વાસના—વીશળદેવની રાણી હીરાકુંવરની માતા.

ચંદા } જયરાજની કુંવરી જેસલ કુમારની પત્ની.
વૃંદા } વિજયસિંહની કુંવરી જખરા કુમારની પત્ની.

ટબી—ઇચ્છાકુંવરની સખી ડાચકાની પ્રપંચી સ્ત્રી.

સિવાય—શ્રીદેવ, સુર્ય, દેવસભા, દરબાર, વારાંગનાઓ દાસ-દાસીઓ, સાધુ, બ્રાહ્મણો વગેરે વગેરે.

श्री हरि ॐ परंब्रह्म परमात्मने नमः

શ્રી સતી ભક્ત

હોથલ પદમણી નાટકનાં

ગાયનો.



અંક ૧ લો.

મંગળાચરણ.

અપ્સરાઓ—

રસીક રામ કૃષ્ણ ગોવિંદ ગિરધારી,
લીલા વિસ્તારિ ઘટઘટ બહુ નામી ભારી
સુખકારી દુઃખહારી, પ્યારી, સારી, ન્યારી....રસીક.
જે જહાનમાં સુકામ કરતા
પ્રેમથી તમારૂં ધ્યાન ધરતા,
સત્યધામ, સુખ ઠામ ઠરતા;
સેવક ભાણુ કહે કલ્યાણ, દુનિયા સઘળી દેજો તારી,
અર્જ પ્યારી સ્વીકારી, ઓધારી.................રસીક.

હોથલ પદમણી— ૨

તનમાં મનમાં ધુન તારી લાગી સારી હાં,
મીંઆ મણી મીંધારી સુંદર..................તનમાં
સતી અને જતીયા થઈ નારી નર,
પ્રભુ તુજ સેવા પામ્યા સુખકર.
દિન દાસી તણી જાણી આ............મીઠી વાણિ.
આશા પુરી કરજો પ્યારી હાં................તનમાં.

હોથલ— ૩

નથી અમર કંઇ ત્નથ અંતમાં પ્રલય સાથ સઉ મળવાનું
લુણ પાણીમાં ગળે તેમ સૌ સત્ય તત્વમાં ભળવાનું
ત્રણ કાળ જમ મીચ્યા તોયે ભ્રમ ન દુર કોઇ કરવાનું,
લાલચમાં લપટાઇ જીવને........લાખ ચોરાશી ફરવાનું
સાધન ભક્તિ નાવ ભલું છે સંસ્તી સાગર તરવાનું....ટેક

આપ્સરાઓ— ૪

શ્રીકમળા વર સાથે વરીએ, તનમનધન સઉ અર્પણ કરીએ
રસના દીધી ગુણ ગાવા, ચરણો તીરથમાં જાવા,
હાથ શુભ દાનો કરવા, આંખ દર્શનથી ઠરવા,
એ જાણી ચાણી જનમ, સફળ કરીએ,
બહેલાં જનમ સફળ કરીએ,..............................શ્રી

સાંગણસિંહ—સત્યવતી
હાકમસિંહ—સુબાનસિંહ
જોરાવરસિંહ—હોથલ ૫

દેવના દેવ મહાદેવ ઉમીયા વરા,
શરણમાં શંકરા, રાખજો ઇશ્વરા.
દેવી હોથલ મળી, શુદ્ધ સેવા ગ્રહી,
છો સદા સુખકરા, પરમ પરમેશ્વરા.

હાંસીરાણી— ૬

આજ મારાં દીલમાં થાયે કાંઇ કાંઇ,
અલબેલા ઓઢાને જોતાં લોભાઇ..............આજ.
મીઠી સુરત રહી આંખમાં સમાઇ.
પ્રીતીનું પાન કરી લેખું સવાઇ..............આજ.

હાંસીરાણી— ૭

પ્રેમની પ્યાસી હું દાસી હુલાસી, ને આજ ફરી ગયો
ઓઢો ઉદાસી,
હાં હાં હાં હાં..........................થઇ મુજ હાંસી
હજી માને તો, બનીશ દાસી,
નહિં તો દેહાવું કાં અપાવું ફાંસી.
હાં હાં હાં સો હું સાચીજ હાંસી..............

ઈચ્છાકુંવર-ઢબી-સખીઓ— ૮

સરખી સાહેયર મળી ગીત રૂડાં ગાઇએ,
આવો લગનનો લ્હાવ લેવા લેવા. (૪)
આપણી બાઈના સ્વામી ઓઢાજી,
રૂપાળા કામદેવના જેવા જેવા. (૪)
મંડપમાં મન ભાવે તેવી,
લાગશે બહુ ધામ ધુમ થાવા થાવા. (૪)
લચપચતી લાપસી જોતાં જાનઇઆ,
માંડશે ઉતાવળા ખુબ ખાવા ખાવા. (૪)
ટાચકા સાથે પરણે ઢબી બાઇ,
બોલોને બાઇ સહુ ઠીક વાહવા વાહવા. (૪)

મેલીઆ— ૯

ઝમરે મગીયાના જામા સીવડાવો,
લીલા ગજના વાઘા;
વાઘા વારીગારી પ્હેરોરે ટાચકા ભાઇ. (૨)
માતાના મન મોહે,
માતા મધુરી બાઇ આણી કોરે જોશે;
પેલી કોરે જોશે લળી લળી મો સાસું જોશે.

હોથલ—હાકમસિંહ— ૧૦

હાકેમ વીરા હરણું નવ મારીએ રે
જગના સઘ જીવો પોતા સમ ધારીએ રે.
જે કાયાના પોષણ કારણ, જીવ અનેક સંહારે રે.......જી
તે કાયા તો પડશે પલમાં, પાપ પુન્ય સંગ ચાલેરે.....જી
હોથલ દેવી સમજણ એવી, જે જન મનમાં ધારે રે....જી
ભાણ ઉદય સુંદર સુખ થાતાં જય પામે સંસારે

હીરાકુંવર— ૧૧

મુને અપરાધ વિણ ના માર નાની બાળ હું
જગ કરનારમાં ડર ધાર નિરાધ રે હું
પુછશે સાહેબને દરબાર
જમનો જબરો પડશે માર એ વિચાર તું....ટેક૦
બંદગી માટે દીધો અવતાર
એ માલિકનો ઉપકાર ના વિસાર તું..........ટેક૦

હાકમસિંહ હિરાકુંવર— ૧૨

પ્યારી કહીને બોલાવો મુને પ્રેમથીરે
અચાનક આવી રાજવી આંહીં
લીધી બચાવી મુને રંગ છે રે........
સુઘડ નાર દિલમાં ધાર ધિરજ સઉ સારૂં થાશે
પ્રીતમ પ્યાર જોઇ આધાર દાસી દિલના દુઃખ જાશે

ઘો કોલ સુભટ પ્યારા ક્યો અલબેલી બાળા
પ્યારી તારી પ્રીતી સાચી વાહવા રંગ છે....સુઘડ૦

ઓાઢાજી ઇચ્છાકુંવર— ૧૩

મારા મોહન મુકી દ્યો છેડા જાવા દ્યો નહિ બોલું
પ્રિયા પરાણું ઘુંઘટપટ ખોલું
લ્હેરી લાલા આજ લાજ નહિ છોડું
સલુણી નીર તીર તરસ્યા નહિ રહેવાય
સલુણા લીર તજી નીર નહિ ભાગી જાય
ધિર ધરો મારા ભગવાન
મધુરી જા રાખી મારૂં માન
પા તું સુખે મોઠે મુખે પ્રીતી રસપાન

ઓાડોજી-હાંસીરાણી— ૧૪

મુને લગની ઓાઢા તારી લાગી તુને જોતાપ્રીતી ઉર જાગી
મુકીદે લવારી દુરાચારી નારી (૨)......લગની
રાણી કસ્તુરી ગણી પરણ્યો મારો ભ્રાત
પણ દુરગધી ડુંગળી નિવડી તું કમજાત
સુગંધ કે દુરગંધને શું જાણે તું બાળ
ગુલાબ વેલી ગુણ ભરી છે તું લીજત લાલ
દુર થા તું અવિચારી ધીક ધીક વ્યભિચારી
આપે તું ધીકાર પણ આવે મુને પ્યાર...લગની૦

હોંશીલા, હાંસી, મોટાજી—૧૫

ધીક્ ધીક્ દુરાચારી ભાઇ તુંને
વિણુ અપરાધે તજે ભાઇ સુને
ક્રુર નારી-છે આ ભારી
જા જા મૂકી દે લવારી ખુમારીએ........ધીક૦
ભાભનીને રે ભરોસે કંઇક ભુલે કંઇક ડુબે
જુઓ તમે....ફળીઓ અમે....એ લાખવાર
જુઠાને કોણુ માને પરનારીઓ....કાચા કાને
ચુપ થાને દુર જાને....નં ભમાવ્યા રે ભલાને....ધીક૦

ટાચકો, ભોળો—   ૧૬

કહું તારો માટ સોના વાટ હવે હસ્તી ગઇ,
તારે ને મારે દોસ્તી ગઇ....(૨).
કરી ધોળે દી લુંટ,
આવી છે માથાકુટ,
ખતા ખાશો અખુટ,
બસેને માથું કુટ.
ઝટ ચુકાવી દે વાયદો,
હમારે નહિ કંઠીશ તું ફાયદો.
જા જા જડશે જોડા,
ચુપ કર તું ગોઢા

પુરા ચુકવું કમાવા ઠગારા ધુતારા,
વળી લે માગે બહું વ્યાજ.... ....

ઓઢો, ધન્છા, દાસવર્ણ— ૧૭

સુંદર દરશન કરવાને તલપી રહે શું મળવાને....
જન મન આનંદ ભરવાને વ્હેલા આવજો....
વ્હાલા ઓઢાજી રાજ વ્હેલા આવજો....
કરવા રૂપાળાં કાજ વ્હેલા આવજો....
રામ ભરૂસો રાખો સરવે કારજ સરવાને....
પ્રણામ છે પ્રેમી જન કહીએ ધીરજ ધરવાને....
જન મન આનંદ ભરવાને વ્હેલા આવજો....

ટેબલો

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

હાકમસિંહ, હીરાકુંવર— ૧૮

લગાડી મોહની ભારી, બનાવી પ્રેમથી પ્યારી,
રસીલી આંખ આ તારી, ઇસારે મોહ કરનારી,
દીએ તું દોષ કાં ખાલી, મોહના મંત્ર ભણનારી,
કટારી પ્રેમની મારી, કરૂં ફરીઆદ પોકારી,

ચતુરાં ચુપ કર વ્હાલી, બંને ઘાયલ થયાં ભારી,
રૂઝામો ઘા તમે નારી, લગાડી રામરસ પ્યારી....લગાડી.

વીશળદેવ, વાસના,
ઓઢોજી, ઇચ્છાકુંવર— ૧૯

રંભ રૂપમાં રંભા જેવી દીલમાં કઠણુ અપાર,
કામની સત કોટી ધીઃકાર કામની સત કોટી ધીઃકાર.
ગરમ પાણીથી ઘર નહિ બળશે, વડીલ તજો તકરાર...
...............વીનવીએ વડીલ તજો તકરાર...............
મીઠું મોલી ખાશે પોલી આવા જન વાચાળ..........
...........................જગતમાં એવા જન વાચાળ.
બસ કર તારી બંધ લવારી, શું સમજે તું સાર........
... .ધરમનો શું સમજે તું સાર...........રંગ.
જે બકરી જાતીમાં જોઇએ તે સિંહને દરબાર...........
..........................આજ તું તે સિંહને દરબાર....
........પ્રભુ ડર ધરી પતિવૃત પાળી, સફળ કરે સંસાર....
...........નાર એ નર ઘરનો શણગાર...........રંગ.

દરબારી વારાંગનાઓ— ૨૦

રાજા હાકમસિંહ રાજ કરો કોટી વર્ષ
પામે પ્રજા જન પુર્ણ હર્ષ.........
હો વિજય સદા વિજય...................રાજા,

દેવ દરબાર સમ, આઠે જામ ધામધુમ,

આ...વે. આ...વે, પ્રે...મે, પ્યારા...જન...હરધમ...શાબાશ

ખીકટ ખીકટ ખુશી કીટ ખીલા કીટ

કીટી તક દીધી ગીન ધ ધા......(૩)... ....શાબા૦

ઓડોરૂ, ઈન્દ્રાકુંવર— ૨૧

વિભુ વિભુ સુખે તમને સમર ગ્રહિ;

વિજય અપાવો વ્હાલા, થાણે સુભાગી હાસી,

સુખ ભંડાર, તું સતી નાર, સુરવીર હું,

કર કાંઇ ફીકર નહિ.... ....ટેક૦

તન મન ધને, પ્રીય ધર્મ જેને,

સત્ય દેવ કરે સહાય સદા તેને,

પ્રીતમ પધારો આજ, કરો ધર્મનું કાજ

જપી નાથ નામ સુખે રહીશ અહીં . ...ટેક૦

પ્રભુ ભજતાં જોબન ગયું ધન ગયું દેતાં દાન,

પ્રાણ ગયા સમરાંગણે, ત્રણે ભાગ્યાં એ જાણું .. ક૦

ઓડો, હોઝલ (એકલમલ)— ૨૨

વાહ વાહ પ્રેમી પુરા બળવાન છો,

જોયા જેવા સુભાગી જુવાન છો;

અરે હાં..........................બધી દુનિયામાં દીઠા૦

એકલમલના સાચા..................

૪

મોહા મિત્ર સુખાંશુ....................
સંગતને રંગે શોભાવજો............
ચુસીં આ ચમકે છે, દીલ જોઇ દમકે છે,
ચાર વાર પ્યારથી,
કેશ ગાલો ને આંખો, અણીયારી, તમારી,
અપાર....સાર...નવા ..પુરૂષ અવતાર છો......વાહ૦
અરે હાં...............................
સંગતને રંગે શોભાવજો ..મહેરબાન,
પ્રીતીને પુરી નીભાવજો...........વાહરે વાહ૦
સુખખાણુ છો, પ્રેમ ખાણુ છો,
ચાલો ચાલો દોસ્ત માંગી કરીશું સફળ કામ...વાહ૦

ઇચ્છાકુંવર— ૨૩

પ્રાણ થકી તુજ પ્યારીરે ઓઢા તેં શું વિચારીરે...
કઇ દીલાસો આવીરે ભ્રમર ગયો કઇ વાડીરે ....
હું કમળના પ્રીત પરાગને મેલી,
ભોળા ભ્રમરા અવર ગયો રસ વેલી,
જો કરે ફીરસાર રે...સુખે...પાંખથી ઉડનાર રે
તો વેગે મોતી ભેટ લહું તારી..............પ્રેમ૦

ઇચ્છા કુંવર— ૨૪

પ્રાણ પ્યારા તારા નામની જપું માળા (૨)
હૃદય મંદીર રાખી મુર્તિ વસીલી વ્હાલા.... ..પ્રાણ૦

નહોતું જાણ્યું મેં નાથ રહેશો તમે ન્યારા,
છોડી એકેલી દીન દારા.........
રામ એક આધારે હવે તો મારા...........આજ૦

એોઢાજી, હોથલ— ૨૫

આવો આવો શ્યામ સુંદર, આજ થયા સ્વામી મારા,
પુજું પુજું પાય ચતુર, આપના સુભાગી પ્યારા,
પદમણી પ્રેમના પ્યાલા, પીઉ રહી સંગ તારા,
ધન ધન ભગ્ય મારાં, પામ્યો દીલદાર દારા,
લગન કરી રૂપાળાં લગન લગાડી લાલા,
મગન બનાવી વ્હાલા, નહિ કદી રહેગો ન્યારા...આજ૦
જો આપણા જેવાં બને, પ્રેમી નર ને નાર,
રામ દયા રાખે સદા, સુખ પામે સંસાર........ટેક૦

હોથીજી, હાંસી, વાસના, ટબી—૨૬

આ અમૃતવેલી મેલી, નહિ આહું તું વિષ વેલી,
મેં ભોળે ભુલ કરેલી રસ વીણુ તુજને ચાહેલી,
આવી મળી રસની રેલી, હવે કેમ દઉં હડસેલી,
પરનારી સાથે પ્રીતી, એ છોડો છેક અનીતી
ક્ષીરે અમૃત નહિ વિષ થયે, જા રાજન મેલી ધુતી.
રાજન આ દીલ હવેલી, રંગે રમશે સુખ કેલી,
શું જાણે ખાખર ખીસખોલી, સાકરના રસને ઘેલી.

અંક બીજો સમાપ્ત.

ટેબલો.

અંક ત્રીજો.

હોથલ— ૨૭

કેવો કઠણ કળીકાળ, મરજી મુજબ સહુ ચાલે,
નહિ ધર્મની દરકાર વૈભવ ઓઢા મ્હાલે,
જોગી જનો ધનધામ સંભાળે, પતિવૃત નારી કોઇકોઇ પાળે,
વિધવાઓ ભારે શણગાર સુંદર ધારે................
...............નર વાનર રોજ રમાડે—ટેક૦
પાપ કરે અવતાર બગાડે શોક વિયોગ સહે સંસારે,
કૌતક ભારે જોઇ ત્રાસ બહુ મન મારે,
.........ત્રીકમ છું શરણે તારેરે—ટેક૦

(આકાશ વાણી) ૨૮

સાખી.

દેવી મુજ દરશન થશે, હરણ તીમીર સંસાર,
તુજ મનની ઇચ્છા બધી સફળ થશે તે વાર.

ઓઢા, હોથલ— ૨૯

છોડી દીલ મમતા, ઓઢા કરીએ ભજન,
સમતા રાખી પહોંચશું, આપણુ અસલ વતન (૩)—ટેક૦
બ્રહ્મ સુરજથી જીવ કીરણ સઉ, લાખ ચોરાશી ઘટ વસીયા,
રસીયા ફસીઆ લાલચે, ખોટાં કરે રે ચમન (૩)—ટેક૦

ખડમાકડી ત્રણુ બાઇલાવે તેમ દેહ કરણી સમ ખુલ્લાં,
ડરતા ફરતા કાળથી જુઠાં કરે રે જતન (૩) ટેક
હોથલ હરિના દાસ તણી હું દાસ બની કરૂં વિનતી
ભક્તિ કરતાં ભાવથી ભેટે ભાણુ જીવન
વાહવા પામ્યો દરશન ભાવે હરિ દરશન.......ટેક

ઓઢા-હોથલ-ઇચ્છા— ૩૦

ચાલો ચાલો પીયુજી જમો પ્રીત પકવાન
આજ ભેટયા અમો રંકને ભગવાન
દીએ સોનાનાં દાન તેને મળે સ્વર્ગ માન
ધરે ભક્તિમાં ધ્યાન મળે ત્રીભુવનમાં માન
સર્વ વાતે પુરઃ સ્વારથ અમારા
આનંદ પામું હું સંગે તમારા
પ્રીતનાં કરીને પાન...................
સદા રહો ગુલતાન...............ચાલો૦

ચંદા, વૃંદા, સખીઓ— ૩૧

સાહેબાજીરે આવ્યા સખી આજ મારા બાગમાં
...............લીલા લવીંગડા વાવશું જીરે.......ટેક૦
વાવશુંજીરે વાડીના વડ હેઠરે
...............લીલા લવીંગડા વાવશું જીરે.......ટેક૦
ઉતારા દેશું ઓરડાજીરે દાતણુ દેશું દાડમી જીરે

સોના રૂપાની કુંડીઓજીરે નીર ભરી ન્હાવા આપશુંજીરે....ટેક
ભરીઓ કંસાર થાળી ભરીને શ્રીનાથને પ્રેમ જમાડશુંજીરે
પંચાસ પાન સોપારી ધરીને સુગંધીત એલચી આપશુંજીરે
હેમના પલંગે હેઠ ઢળાવીને પ્રીતશું પોઢવા આપશુંજીરે
રાત અજવાળી રૂડી પુનમની રસીયાને રંગે રીઝાવશુંજીરે

જેસલ, ચન્દ્રા, જમાલ, વૃદ્ધા— ટ૨

આજ વાંધો પતાવો ચતુર બ્હેના
ત્યારે તમથી અમો બોલશું વેણા
નર નારમાં કોણ શ્રેષ્ઠ છે,
ઘર કાર્યમાં નાર શ્રેષ્ઠ છે,
જગ વ્હેવારમાં નર શ્રેષ્ઠ છે,
એતો સરખે સરખાં થયાં ઓછાં કોણ ગણાય
એક વાતે નાર શ્રેષ્ઠ જેથી રતન પુરૂષ થાય
અરે વાહવાજી વાહુજી સાહેબા સલુણાજી
સમજો છો સર્વે પુરા છો સુજાણ...........

(હજુ બોલો કંઇ બોલો).

શું નહિ અબલા કરી શકે શું ન સમુદ્ર સમાય
શું નહિ અગ્નિમાં બળે શું ન કાલ જગ ખાય
સુત નવ અબલા કરી શકે મન ન સમુદ્ર સમાય
કીર્તિ ન અગ્નિમાં બળે ધર્મ કાલ નવ ખાય

હવે વીપો પતાવી લીધાં છે મનાવી
પ્રીતીમાં કુસાઇ કરો પ્રીત પાન

ચંદા, વૃંદ, હોથલ ઇચ્છા— ૩૩

સાસુજી પગ સેવા કરશું લેવા સુંદર મેવા
લેવા સુંદર મેવા હરધમ દીલમાં રાજી રહેવા
દેવી દુનિયામાં છો આવ્યાં દિન જન તારી દેવા
આપ કુંવર છો નાથ અમારા ઇંદ્રાણી વર જેવા....
અમૃત જેવા બોલો લાગે સુણતા કાને એવા
રાસ દયાથી પુત્ર પ્રેમદા મલશે મોંઘા મેવા.......

જેસલ, ચંદા, જખરો વૃંદ:— ૩૪

સાહેબાજી રે રૂડા ઉતારા આપો,
પંખી અમે પરદેશના જીરે..................
આવીયાં જીરે ચાખવા પ્રેમની શાખો
આજે તમારા દેશમાં જીરે...................
આ ભવ રસ ભર ફૂલને પામી
ભવ ભવ લેવા આવશું જીરે
દેશ અમારો રસભર આખો રસના પ્યાલા પાશું જીરે
રસીયા રાજી થાશું જીરે ગુણ પ્રભુના ગાશું જીરે....સા૦

હોથીજી— ૩૫

રાણી તેં લજાવી આખર જાતી નારીને
જાણી મેં ધરમી પ્રથમ તું ધુતારીને
એક નારી એવી થાય જગતને તારી જાય
એક નારી બતાવે નરક બારીને
હુંજારો ધીકાર તારા જેવી એવી નારી નેટ........
ભુલમાં મને ભમાવ્યો ભાઇ ઓઢાને તજાવ્યો
વિના વાંકે થયો ધરમી દુભઇને
હવે હરિ મેળવે તો મળું પ્યારા ભાઇને

વિશળદેવ, વાસના— ૩૬

સુમે તપતીને તાવી છાના છાના આવી
ભુલાવી બનાવી સતાવી તમે...............
શુદ્ધ સોહું સોનાર ભલે તાવે લાખ વાર
હોય ચોખું તે ચોખું દુનિયાને ગમે...........
જેની પતિવૃતા નાર તેનો ધન્ય અવતાર ❋
તારા જેવી ઘર લક્ષ્મી દુનિયાને ગમે..........

જેસલ, ચંદા, જખરો વૃંદા— ૩૮

રાજી રહીએ સંગતમાં રે, રસીયા રાજકુમાર છો
અબળાના આધાર છો હૈયા કેરા હાર છો

કામણ કીધાં લુંટી લીધાં દીલ હવે દીલદાર છો
શીર [illegible] છો, [illegible] ભંડાર છો....[illegible]૦
આતુર અંગ, [illegible] નાજુક નમણાં નાર છો
સુંદરી સુખના સાર છો [illegible] છો....અ૦
હોથલ દેવી પધારજો આજ [illegible] કાજ
મોઢે માગ્યું પામશું રાજ દયા સુખ સાજ....આતુર૦

સર્વે પાત્રો— ૬૮

જય જય હોથલ દેવી સત્યાં સુંદર સતી મણી
સૃષ્ટીમાં વિસ્તારી પ્રેમે કીર્તી ઘણી.....જય૦
ધારી દૃઢ ભક્તિ દીધી તારી પ્રભુ જગ [illegible] ધારણી
સુખ શાન્તિ ઉદય થશે પ્રભુ કૃપાની [illegible]...જય૦

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ



જાહેર ખબર

અમારી કંપનીના નીચલાં નાટકના ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કીમતે રોકડેથી મંગાવ્યાથી મોકલવામાં આવશે;

ચોપડીનું નામ	કીમત.
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૨—૦
શ્રી ભક્તિ વિજય	૦—૨—૦
સુરેખા હરણ	૦—૨—૦
નાગર ભક્ત	૦—૨—૦
[illegible]	૦—૨—૦
[illegible]—મેના	૦—૨—૦
[illegible]	૦—૨—૦
[illegible]—કાદમ્બરી	૦—૨—૦
[illegible]	૦—૨—૦
[illegible]...	૦—૨—૦
શ્રી [illegible]	૦—૨—૦
માતૃ પીતૃ ભક્ત પુંડરીક	૦—૨—૦
ઉર્વશી—પુરૂરવા...	૦—૨—૦
[illegible]...	૦—૨—૦
[illegible]	૦—૨—૦
બીરબલ બાદશાહ	૦—૨—૦
ચંદ્ર [illegible]	૦—૨—૦
[illegible]—સાગર	૦—૨—૦

માલીક—ડી. [illegible]. [illegible]રીઆ.

શ્રી [illegible] નાટક સમાજ.